Seat No. : ______________

# TI-103

**B.A. Sem.-I**
**May-2013**

## Gujarati (EC-I-103)

## (Sudama Charitra)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) **બધા** જ પ્રશ્નો ફરજિયાત છે.
(૨) જમણી બાજુના અંક પ્રશ્નના **કુલ** ગુણ દર્શાવે છે.

૧. (અ) આખ્યાન કાવ્યનાં લક્ષણો સ્પષ્ટ કરો. ૭

**અથવા**

ગુજરાતી સાહિત્યમાં આખ્યાન કાવ્યનો ઉદ્ભવ અને વિકાસ આલેખો.

(બ) 'સુદામાચરિત્ર' ના આરંભ અને અંતની સમીક્ષા કરો. ૭

**અથવા**

સુદામા પત્નીનું ચરિત્ર ચિત્રણ કરો.

(ક) 'સુદામા ચરિત્ર'ને મૈત્રીકાવ્ય કહેશો કે ભક્તિ કાવ્ય ? – તમારો મત સ્પષ્ટ કરો. ૭

**અથવા**

'સુદામા ચરિત્ર'ને આધારે સફળ આખ્યાનકાર તરીકે પ્રેમાનંદને મૂલવો.

(ડ) 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રમાં ખાલી પડેલ સહતંત્રીની જગ્યા માટે તંત્રીશ્રી, છાણીરોડ, વડોદરાને અરજી કરો. ૭

**અથવા**

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોરમાં ખાલી પડેલ ગુજરાતી વિષયના અધ્યાપકની જગ્યા માટે ઉમેદવારી નોંધાવતી અરજી કરો.

૨. નીચેના અ, બ, ક, ડ માંથી **એક-એક** ટૂંકનોંધ લખો :

(અ) કૃષ્ણ અને સુદામાનો મિલન પ્રસંગ. ૪

**અથવા**

સુદામાનો પ્રારબ્ધવાદ.

(બ) 'સુદામાચરિત્ર'ની વર્ણન કલા. ૪

**અથવા**

સુદામાની દરિદ્રાવસ્થા.

(ક) "સુદામાચરિત્ર"ની ભાષાશૈલી. ૪

**અથવા**

સુદામાએ જોયેલી દ્વારિકાનગરી.

(ડ) 'સુદામા ચરિત્ર'માં નિરૂપાયેલ સમાજદર્શન. ૪

**અથવા**

'સુદામા ચરિત્ર'ની વસ્તુ સંકલના.

૩. (અ) 'સુદામા-ચરિત્ર'માં આલેખાયેલ હાસ્ય. ૩

**અથવા**

દ્વારકાથી ખાલી હાથે પાછા ફરતા સુદામાની મનોદશા.

(બ) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** શબ્દોની જોડણી સુધારો : ૩

શિર્ષક, આશિર્વાદ, વીગ્રહ, સૂવર્ણ અનૂકૂળ

(ક) નીચેનામાંથી કોઈપણ **ત્રણ** શબ્દોના બે-બે સમાનાર્થી શબ્દ આપો : ૩

સૂરજ, કામદેવ, પર્વત, રાજા, જગત

(ડ) નીચેના શબ્દોમાંથી કોઈપણ **ત્રણ** શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ આપો : ૩

ખંડન, ઉલાળ, ક્ષણિક, સ્વચ્છ, કથીર

૪. માગ્યા પ્રમાણે ઉત્તર આપો : ૧૪

(૧) 'સુદામાચરિત્ર'ની કથા કોણ કોને સંભળાવે છે ?

(૨) આજીવિકા અર્થે પ્રેમાનંદે કયાં-કયાં આખ્યાનો કર્યા હતા ?

(૩) પ્રેમાનંદ ક્યાંના વતની હતા ?

(૪) ભાલણને આખ્યાન કાવ્યના પિતા શા માટે કહેવામાં આવે છે ?

(૫) આખ્યાન કાવ્યના બીજ કયા સર્જકમાં જોવા મળે છે ?

(૬) ગુજરાતી સાહિત્યના મહાકવિનું નામ જણાવો.

(૭) આખ્યાન કાવ્યમાં પ્રેમાનંદને કયું બહુમાન મળેલું છે ?

(૮) ગોરાણીને ગાય દોહતી વખતે શું માગવાની ટેવ હતી ?

(૯) કૃષ્ણ અને સુદામાનાં ગુરુનું નામ જણાવો.

(૧૦) કૃષ્ણ ગુરુ દક્ષિણામાં ગોરાણીને શું આપે છે ?

(૧૧) સુદામા પોતે દૂબળા કેમ છે ? તે માટે કૃષ્ણને કયું કારણ આપે છે ?

(૧૨) પ્રેમાનંદના પિતાનું નામ આપો.

(૧૩) પ્રેમાનંદે "ગુજરાતી ભાષાને ગૌરવ ન મળે" ત્યાં સુધી કઈ પ્રતિજ્ઞા લીધી હતી ?

(૧૪) ચૈત્ર માસમાં પ્રેમાનંદ કયું આખ્યાન વંચાય છે ?